performance in inter class and inter college competition. Participates in competitions like Kabaddi, Athletics, Cross Country, Chess, Carrom, Tug of War etc. And in the memory of Major Dhyan Chand, National Sports Day is also organized and celebrated by playing various games.

This year 36 National Games were played in Gujarat which campaign was held in this college to spread more and more publicity which program was held at Khergam taluka level in this college. In which various games were shown and the National Games were promoted.

Along with the game, the students are also shaped in their careers. In the year 2022-23, police constable exam conducted by Gaun Seva pasandagi Mandal for students in which 17 students filled the form, all students passed in physical test, also one of them passed written exam and got government job.

## Celebration on 29 August 2022 National Sports Day on Birth Of Major Dhyan Chand anniversary























The day was celebrated with various games. Games like 2 km half marathon, chess, ludo, carrom were played. In which about 72 students participated. Certificates were awarded to the students who became winners.

# Khergam Taluka Level National Sports Campaign

# 15/09/2022




















The State of Gujarat represented the National Games in relation to Khelo India. Taluka level was organized in this college to increase the publicity of National Games and to get more and more players to join. Games like tug-of-war, carrom, chess, music chair, sack race were held.

# Sports Week 20/01 to 27/01/2023
























Various sports are organized in the sports week, in which male and female participate in tug-of-war, in athletics running, jumping, throwing, Volleyball, Cricket. Staff male and female are also participating in this sports week. And Principal sir also participates. Around 150 students participated in this sports week. Certificates and trophies are given to the winning players and teams in this sports week.

# Athletics Meet at VNSG Uni. Surat 1 to 4 February 2023











About 114 colleges participated in the athletics meet, more then 1600 athletes participated. In which 17 males and 3 females participated from this college. And gave a very good performance. He was accompanied by Professor Bipin Patel as coach-manager. Professor Bipin Patel played the role of official in the jumping event in this athletics meet.

# Glimpse of sports and yoga

















પ્રેક્ટિસ કરતાં વિદ્યાર્થીઓ







પ્રેક્ટિસ કરતાં વિદ્યાર્થીઓ

# Sports Workout and programmes Youtube link

1. https://www.youtube.com/watch?v=Y1s0Kk82tt8&t=7s
2. https://youtu.be/QZ9HSUqgDBE
3. https://youtu.be/XAGWR9Y73mA
4. https://youtu.be/xn5HoriUaXc
5. https://youtube.com/shorts/6gL3x5iGkSg?feature=share
6. https://youtube.com/shorts/aIznN4KwaBw?feature=share

" વિશ્વાસ એવી શક્તિ છે જે માનવીને જીવિત રાખે છે, વિશ્વાસનો અભાવ જ જીવનનું અવસાન છે"

## ૧૦.૧.૨. રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)નો અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩


**પ્રોગ્રામ ઓફિસર**

પ્રા.ડૉ.યોગેશકુમાર એન. ટંડેલ

પ્રા. અમિતકુમાર એ. પટેલ

પ્રા. મેહુલકુમાર એન. પટેલ


ભારત વિવિધતામાં એકતા ધરાવતો વૈશ્વિક સ્પર્ધામાં હરણફાળ ભરતો પ્રગતિશીલ દેશ છે. આપણો દેશ પોતાનો આગવો ઐતિહાસિક, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક વારસો ધરાવે છે. આ અમૂલ્ય વિરાસતનું જતન થાય તથા ઓચિંતી ઊભી થતી અણધારી પરિસ્થિતિમાં દેશના નાગરિકો અડીખમ ઊભા રહી પોતાનામાં રહેલ સહનશીલતા, સેવા, ત્યાગ, બલિદાન, સમૂહભાવના જેવા માનવીય મૂલ્યોના દર્શન કરાવી સમગ્ર વિશ્વને ઉદાહરણ પૂરું પાડે એ આશયથી રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) દેશના નવ યુવાનોને પાંચ દાયકાથી પણ વધુ સમયથી સતત પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડી રહ્યું છે. 'NOT ME BUT YOU' (હું નહીં પણ તમે) એવા આશયને સિદ્ધ કરવામાં સફળ રહ્યું છે.

રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અંતર્ગત અત્રેની કોલેજમાં ત્રણ યુનિટ કાર્યરત છે. સમગ્ર વર્ષ દરમ્યાન સમયાંતરે વિવિધ પ્રવૃતિઓ જેવી કે સફાઇ અભિયાન, વૃક્ષારોપણ, દિન વિશેષ ઉજવણી, સાંસ્કૃતિક પર્વ, રાષ્ટ્રીય પર્વ, દેશ ભક્તિની પ્રવૃતિઓ, રમતગમત, જરૂરિયાત મંદોને સમાજસેવાનાં કાર્યો, પર્યાવરણીય જતન અને સંવર્ધનનાં કાર્યક્રમો, ખેલકૂદ, સર્જનાત્મક પ્રવૃતિઓ, ધાર્મિક પ્રવૃતિ, આપતિ વ્યવસ્થાપન, આરોગ્ય, જન જાગૃતિ તથા સમાજના ઉત્કર્ષમાં યોગદાન આપતી ઈતર પ્રવૃતિઓનું આયોજન થાય છે. દર વર્ષે એક સાપ્તાહિક ખાસ વાર્ષિક શિબિરનું આયોજન થાય છે. શિબિરાર્થી અન્ય વિસ્તારથી પરિચિત થાય, નવી પરિસ્થિતમાં પોતાનું તાદાત્મય કેળવે તથા લોક સંપર્ક દ્વારા સમસ્યાઓથી વાકેફ થાય અને સમસ્યાના સમાધાન તરફ વળે એ હેતુથી આ શિબિરમાં યોગ, પ્રાણાયામ, પ્રભાત ફેરી વ્યસન મુક્તિ, અંધશ્રધ્ધા નિર્મૂલન, સર્વેક્ષણ, નાટક, જન જાગૃતિ કાર્યક્રમ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થાય છે. પ્રકૃતિના જતન અને સંવર્ધનનાં ગુણોનો વિકાસ થાય તે હેતુથી પ્રકૃતિ શિબિરનું આયોજન થાય છે.

અત્રેની કૉલેજમાં પણ N.S.S.ના સ્વયં સેવકો દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની વિગત નીચે મુજબ છે.

૧. તા.૦૮/૦૭/૨૦૨૨ થી તા.૦૯/૦૭/૨૦૨૨નાં રોજ અને તા.૧૮/૦૭/૨૦૨૨નાં રોજ શૈ.વર્ષ:૨૦૨૨-૨૩ F.Y.B.A.માં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઓરિયેન્ટેશન પ્રોગ્રામમાં આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

૨. તા.૨૫/૦૭/૨૦૨૨, સોમવારના રોજ ગુરુપૂર્ણિમાનાં પાવન પર્વ નિમિત્તે "ગુરૂ શિષ્ય પરંપરા" વિષય સંદર્ભે NSS વિભાગ અંતર્ગત ઓફલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે શ્રી.મુલેશભાઈ જોગિયા ઉપસ્થિત રહ્યા હતા, જેમાં ૧૧૨ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

૩. તા.૦૩/૦૮/૨૦૨૨, બુધવાર થી તા.૧૦/૦૮/૨૦૨૨, બુધવાર NSS વિભાગ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

૪. તા.૦૪/૦૮/૨૦૨૨ એન.એસ.એસ. ના સ્વયંસેવકો દ્વારા સોલાર પેનલની સાફ-સફાઈ.

૪. તા.૦૫/૦૮/૨૦૨૨, શુક્રવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે NSS વિભાગ અંતર્ગત સામૂહિક સંકલ્પ પત્રનું વાંચન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦ વિદ્યાર્થીઓ અને ૧૧ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

૫. તા.૦૬/૦૮/૨૦૨૨, શનિવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે NSS વિભાગ અંતર્ગત તિરંગાનું મહત્વ વિષય સંદર્ભે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૦૮ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

૬. તા.૦૮/૦૮/૨૦૨૨, સોમવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે NSS વિભાગ અંતર્ગત હર ઘર તિરંગા વિષય સંદર્ભે કાપડ/ચાર્ટ પેપર ઉપર રાષ્ટ્રધ્વજ તૈયાર કરવાની અને રાષ્ટ્રધ્વજ આધારિત ચિત્ર બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૦૯ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

૭. તા.૦૮/૦૮/૨૦૨૨, સોમવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે"હર ઘર તિરંગા" કાર્યક્રમ અંતર્ગત NSS વિભાગ દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યશ્રી સહીત આવેલ મહેમાનો તેમજ ૧૩૫ વિદ્યાર્થીઓ અને ૧૧ અધ્યાપકો યાત્રામાં સહભાગી બન્યા હતા.

૮. તા.૧૦/૦૮/૨૦૨૨, બુધવારનાં રોજ આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે NSS વિભાગ દ્વારા રંગોળી સ્પર્ધા અને ગ્રીનબોર્ડ ઉપર રાષ્ટ્રધ્વજ આધારિત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રંગોળી સ્પર્ધામાં ૫૧ વિદ્યાર્થીઓ તેમજ ગ્રીનબોર્ડ ઉપર રાષ્ટ્રધ્વજનાં ચિત્ર માટે ૪૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

૯. તા.૧૨/૦૮/૨૦૨૨, શુક્રવાર થી ૨૨/૦૮/૨૦૨૨, સોમવાર સુધી મતદાર જાગૃતિ અને કેળવણી અભિયાન (SVEEP) અંતર્ગત અત્રેની કોલેજમાં "યુવા મતદાર મહોત્સવ ૨૦૨૨"નું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં કોલેજ કક્ષાએથી ઓડિયો સ્પર્ધામાં ૨ વિદ્યાર્થીઓ અને ૧ વિદ્યાર્થીની તથા વીડિયો સ્પર્ધામાં ૧ વિદ્યાર્થી મળી કુલ ૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

૧૦. તા.૧૨/૦૮/૨૦૨૨, શુક્રવારનાં રોજ અત્રેની કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે ગૂગલ ફોર્મના માધ્યમથી તિરંગા આધારિત **ઓનલાઈન પ્રશ્નોત્તરી**નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો મળી કુલ ૧૦૧ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

૧૧. તા.૧૨/૦૮/૨૦૨૨, શુક્રવારનાં રોજ “આઝાદી કા અમૃત મહોત્સવ” નિમિતે NSS વિભાગ દ્વારા ગૂગલ ફોર્મના માધ્યમથી તિરંગા પર આધારિત ઓનલાઇન પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

૧૨. તા.૧૨/૦૮/૨૦૨૨, શુક્રવાર થી તા.૧૫/૦૮/૨૦૨૨, સોમવાર સુધી NSS વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ૧૦૫ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૩. તા.૧૩/૦૮/૨૦૨૨, શનિવાર થી તા.૧૮/૦૮/૨૦૨૨ સુધી કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૪. તા.૧૮/૦૮/૨૦૨૨, ગુરૂવારનાં રોજ N.S.S.વિભાગ અંતર્ગત મતદાર યુવા મહોત્સવ-૨૦૨૨ વિષય સંદર્ભે પ્રા.અમિતભાઈ પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. ૧૦૦ વિદ્યાર્થીઓ અને ૧૦ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

૧૫. તા.૨૩/૦૮/૨૦૨૨, મંગળવારનાં રોજ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા આયોજિત “Future Agri Entrepreneurs” એક દિવસીય વર્કશોપનું આયોજન ગુજરાત યુનિવર્સીટી સેનેટ હોલ અમદાવાદ ખાતે માનનીય શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું આ “Future Agri Entrepreneurs” કાર્યક્રમમાં NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા.અમિતભાઈ પટેલ અને NSS સ્વયંસેવક તરૂણભાઈ એ પટેલ,ખ્યાતીબેન પટેલ,નૃતાક્ષીબેન પટેલ સહભાગી બન્યા હતા.

૧૬. તા.૧૪/૦૯/૨૦૨૨, બુધવારના રોજ કોલેજના N.S.S. વિભાગ અંતર્ગત “વિશ્વ અંધજન દિન” નિમિત્તે રૂ. ૪૧૦૦/- ફાળો એકત્રિત કરવામાં આવ્યો હતો.

૧૭. તા.૧૫/૦૯/૨૦૨૨, ગુરૂવારનાં રોજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે પી.આર.ડી પસંદગી કેમ્પમાં બે સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

૧૮. તા.૨૨/૦૯/૨૦૨૨, ગુરૂવાર થી તા.૨૪/૦૯/૨૦૨૨, શનિવાર સુધી “રાષ્ટ્રીય સેવા યોજના દિવસ” **N.S.S. ડેની નાં બે સ્વયં સેવકો** પટેલ તરૂણકુમાર અશ્વિનભાઇ અને પટેલ સોનાલીબેન ઠાકોરભાઇએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ ખાતે ભાગ લીધો.

૧૯. તા. ૨૬/૦૯/૨૦૨૨, સોમવારના રોજ Elocution Competition છોકરા-૩૬, છોકરી - ૨૧ ભાગ લીધો.

૨૦. તા.૨૭/૦૯/૨૦૨૨, મંગળવારના રોજ Group Discussion છોકરા - ૩, છોકરી -૧૮ ભાગ લીધો.

૨૧. તા.૨૮/૦૯/૨૦૨૨, બુધવારના રોજ Slogan Competition છોકરા - ૫, છોકરી - ૪ ભાગ લીધો.

૨૨. તા.૨૯/૦૯/૨૦૨૨, ગુરૂવારના રોજ Innovative ideas for combating Climate change Competition છોકરા - ૩, છોકરી - ૮ ભાગ લીધો.

૨૩. તા.૩૦/૦૯/૨૦૨૨, શુક્રવારના રોજ Essay writing Competition છોકરા- ૨, છોકરી - ૬ ભાગ લીધો.

૨૪. તા.૨૭/૧૦/૨૦૨૨ થી તા.૦૫/૧૧/૨૦૨૨ N.S.S. નો સ્વયંસેવક પટેલ તરૂણભાઈ અશ્વિનભાઈ હિમાચલ પ્રદેશ ખાતે નેશનલ એડવેન્ચર કેમ્પ ૨૦૨૨ માં સહભાગી બન્યો.

૨૫. તા.૨૧/૧૧/૨૦૨૨, સોમવારના રોજ NSS વિભાગ અંતર્ગત મતદાન સંકલ્પપત્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૯૫ વિદ્યાર્થીઓ અને ૧૭ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

૨૬. તા.૨૪/૧૨/૨૦૨૨, શનિવાર, ચિન્તુંબા (છાંયડો) હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પમાં સ્વયંસેવક તરુણ પટેલે ભાગ લીધો.

૨૭. તા૨૮/૧૨/૨૦૨૨, બુધવારના રોજ શૈ.પ્રવાસ જાનકીવન, પદમડુંગરી(ઇકો ટુ રિઝ્મ પોઈન્ટ), વનિલ ઉદ્યોગ, બોટાનિકલ ગાર્ડન વઘઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સહીત રાષ્ટ્રીય સેવા યોજના(NSS)નાં ૧૦૭ વિદ્યાર્થીઓ, ૦૮ સ્ટાફ અને ૦૩ રસોઈયા મળી કુલ-૧૧૯ વ્યક્તિઓનો સહભાગી બન્યા હતા.

૨૮. તા.૦૪/૦૧/૨૦૨૩,બુધવાર થી તા.૧૦/૦૧/૨૦૨૩, મંગળવાર સુધી "પર્યાવરણ, સિંગલ-યુઝ-પ્લાસ્ટિક, આર્યુવેદ અને આરોગ્ય" પ્રાથમિક શાળા પીપલખેડનાં પટાંગણમાં રાષ્ટ્રીય સેવા યોજના(NSS)કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૯. તા.૦૫/૦૧/૨૦૨૩ને ગુરૂવારના રોજ રાષ્ટ્રીય સેવા યોજના(NSS) કેમ્પનું ઉદઘાટન.

૩૦. તા.૦૬/૦૧/૨૦૨૩ને શુક્રવારના રોજ "વ્યસન મુક્તિ" વિષય સંદર્ભે ડૉ.શરદભાઈ પટેલ, પ્રેરણા ગૃપ નવસારીથી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે તંદુરસ્ત રહેવા માટે શું કરવું? વ્યસનથી દૂર રહેવા અને તેનાથી થતાં ગંભીર રોગો વિષે શિબિરાર્થીઓને માહિતગાર કર્યા હતા.

૩૦. તા.૦૬/૦૧/૨૦૨૩ને શુક્રવારના રોજ બીજા સેશનમાં શ્રી દિવ્યેશભાઈ પટેલ, નોંધણી નિરીક્ષક, વલસાડથી આવ્યા હતા જેમણે શિબિરાર્થીઓને મિલકત નોંધણીના કાર્યો, જમીન માપણી, સ્ટેમ્પ ડયુટી, સ્થાવર જંગમ મિલકત, માલિકી હસ્તાંતરણ બાબતે ધ્યાનમાં રાખવાની બાબતો, કાયદાનો વ્યવહારુ ઉપયોગ સાથે કારકિર્દી આયોજન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

૩૧. તા.૦૬/૦૧/૨૦૨૩ને શુક્રવારના રોજ ત્રીજા સેશનમાં શ્રી નિર્મલભાઈ ચૌધરી, સમાજ સુરક્ષા અધિકારી, નવસારીથી ઉપસ્થિત રહ્યા હતા. એમણે વિષય અનુસંધાને વ્યાખ્યાન આપતા જણાવ્યું કે "તમે જે ગામમાં કેમ્પ લઈને આવ્યા છો ત્યાં અને તમે જે ગામમાંથી આવો છો ત્યાં તમને સરકાર તરફથી કયા કયા લાભો મળી શકે? સરકારશ્રીની કઇ યોજના અંતર્ગત આપણે તેઓને લાભ અપાવી શકીએ, જેમકે અનાથ બાળક, વૃધ્ધ પેન્શન, દિવ્યાંગ, વિધવા પેન્શન યોજનાઓ અંગે માહિતગાર કર્યા. બપોર પછી 1:30 કલાકેના સેશનમાં જાહેર સ્થળો જેમકે, બસ સ્ટોપ, ગ્રામ પંચાયત, મંદિર, આંગણવાડી, સ્મશાન ભૂમિ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સસ્તા અનાજની દુકાન અને સહકારી મંડળી, BSNL કેન્દ્ર, પ્રાથમિક શાળા પીપલખેડ સ્કૂલ કેમ્પસ જેવા જાહેર સ્થળોએ સાફ-સફાઇ કરી હતી, જેનો હેતુ લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાય અને જાહેર સ્થળોની સાચવણી, જાણવણી કરી શકાય તે હતો.s

૩૨. તા.૦૭/૦૧/૨૦૨૩ શનિવારના રોજ મફત સર્વ રોગ આયુર્વેદ નિદાન કેમ્પ ડૉ.પાર્થ એસ. પટેલ (આયુર્વેદ મેડિકલ ઓફિસર- માંડવખડક) અને હોમિયોપેથી નિદાન કેમ્પ ડૉ.રીંકલબેન પટેલનાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

૩૩. તા.૦૮/૦૧/૨૦૨૩ રવિવારના રોજ વન્યજીવ સંરક્ષણ એક્ટ વિષય અંતર્ગત શ્રી બિપિનભાઈ પરમાર (એડવોકેટ નવસારી) તથા શ્રી શૈલેશભાઈ પટેલ પધાર્યા હતા. શ્રી શૈલેશભાઈ પટેલે સાપની પ્રજાતિ તથા તેના પ્રકારો, ઝેરી તથા બિન ઝેરી સાપો તેમજ સાપ અંગે સમાજમાં પ્રવર્તમાન ખોટી ગેરસમજ અંગે સ્વયંસેવકોને માહિતગાર કરી તેઓના સંરક્ષણ અંગે સમજ આપી. ત્યાર બાદ શ્રી બિપિનભાઈ પરમારે વન્યજીવ સંરક્ષણ એક્ટ હેઠળ કયા પ્રાણીઓની હત્યા માટે કયા કયા કાયદાઓ બનાવવામાં આવ્યા છે તે તથા પ્રાણીઓની હત્યા બાદ પર્યાવરણને થતા નુકશાન અંગે વિસ્તાર પૂર્વક સમજ આપી. આ કાર્યક્રનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ.યોગેશ ટંડેલ દ્વારા અને આભાર વિધિ પ્રો.અમિત પટેલ દ્વારા કરવામાં આવી.

૩૩. તા.૦૯/૦૧/૨૦૨૩ને સોમવારના રોજ શાળાના બાળકો માટે વિવિધ રમત-ગમત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમકે ટગારા ફોડ,દોરડા ખેંચ,સંગીત ખુરશી,લંગડી કૂદ, સિક્કા શોધ, લીંબું ચમચી,પેન ફાઇટ જેવી રમતો અને સાંજે ગ્રામજનો માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

૩૪. તા.૧૦/૦૧/૨૦૨૩ને મંગળવારના રોજ પૂર્ણાહુતી પ્રસંગે સમારંભના પ્રમુખશ્રી ડૉ.કલ્પેશભાઈ કે. ટંડેલ - (ઇ.ચા.આચાર્યશ્રી) શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાથી ઉપસ્થિત રહ્યા હતા.

૩૫. તા.૦૯/૦૧/૨૦૨૩ થી તા.૨૦/૦૧/૨૦૨૩ સુધી વડોદરા ખાતે NDRF ની તાલીમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

૩૬. તા.૨૮/૦૧/૨૦૨૩, શનિવારનાં રોજ પ્રા.ડૉ. યોગેશકુમાર એન. ટંડેલ રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત દ્વારા આયોજિત "એક દિવસીય એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ પ્રશિક્ષણ વર્ગ"માં ભાગ લીધો.

૩૭. તા.૧૩/૦૨/૨૦૨૩ને સોમવારના રોજ"ડીઝાસ્ટર મેનેજમેન્ટ" અંગેનાં કાર્યક્રમમાં બાર જેટલા સાધનો ધરાવતી કીટનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ બાબતે હાજર રહેલ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

૩૮. તા.૧૯/૦૨/૨૦૨૩ થી તા. /03/૨૦૨૩ સુધી કામરેજ ચાર રસ્તા ખાતે NDRF ની તાલિમમાં ૦૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

૩૯. તા.૧૯/૦૪/૨૦૨૩, બુધવાર કુ.દમયંતીબેન મનહરભાઈ પટેલને શૈ.વર્ષ:૨૦૨૦-૨૦૨૧નો રાજ્યકક્ષાનો બેસ્ટ NSS એવોર્ડ શિક્ષણ સંકુલ, તાપીહોલ, ગાંધીનગર ખાતે માનનીય શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાનાં વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

## તા.૦૮/૦૭/૨૦૨૨, તા.૦૯/૦૭/૨૦૨૨ & તા.૧૮/૦૭/૨૦૨૨– **NSS Orientation Program**



F.Y.B.A.માં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઓરિયેન્ટેશન પ્રોગ્રામમાં આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ દ્વારા માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું.